**GUJARAT BILL NO. 12 OF 2022.**

## THE GUJARAT ELECTRICITY INDUSTRY (REORGANISATION AND REGULATION) (AMENDMENT) BILL, 2022.

***A BILL***

*further to amend the Gujarat Electricity Industry (Reorganisation and Regulation) Act, 2003.*

**સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૨.**

## ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૨.

ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના તોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) (સુધારા) અધિનિયમ, ૨૦૨૨ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૨૦૦૩નો ગુજરાતનો ૨૪મો.** **૨.** ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩ (જેનો આમાં હવે પછી, “મુખ્ય અધિનિયમ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧૭માં,- **સન ૨૦૦૩ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.**

(૧) ખંડ (ન)માં, અંતમાં આવતો “અને” શબ્દ કમી કરવો;

(૨) ખંડ (ન) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

“(નક) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમ અથવા વિનિયમની કોઇ જોગવાઇ હેઠળ કાયદેસર રીતે કરેલા અથવા આપેલા કોઇ હુકમ, આદેશ અથવા માંગણીનું પાલન ન કરવાના કૃત્યોને, વિનિયમોથી, નિમ્ન, મધ્યમ અથવા ઉચ્ચ કક્ષાઓમાં વર્ગીકૃત કરવા બાબત; અને”.

સન ૨૦૦૩ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૫૪નો સુધારો.

**૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૪માં, નીચેનો પરંતુક ઉમેરવો:-

"પરંતુ આ જોગવાઇ હેઠળ કરવાની કેદની શિક્ષા, પંચે, નિમ્ન અથવા મધ્યમ કક્ષામાં વર્ગીકૃત કરેલા કૃત્યોને લાગુ પડશે નહિ.".

સન ૨૦૦૩ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૬૫નો સુધારો.

**૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ઘ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ઘક) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમ અથવા વિનિયમની કોઇ જોગવાઇ હેઠળ કાયદેસર રીતે કરેલા અથવા આપેલા કોઇ હુકમ, આદેશ અથવા માંગણીનું પાલન ન કરવાના કૃત્યોને, નિમ્ન, મધ્યમ અથવા ઉચ્ચ કક્ષાઓમાં વર્ગીકૃત કરવા બાબત;".

## ઉદ્દેશો અને કારણો.

ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩-ની કલમ ૧૮, ૩૨ અને ૪૨ સાથે વાંચતા, સદરહુ અધિનિયમની કલમ ૧૭-થી, રાજ્ય પંચને, અમુક કાર્યો કરવાની સત્તા મળે છે અને વિદ્યુતના ટેરીફ વગેરે નક્કી કરવાની સત્તા ધરાવે છે.

બીજી તરફ, સદરહુ અધિનિયમની કલમ ૫૪-થી એવી જોગવાઇ કરેલ છે કે કોઇ લાઇસન્સદાર અથવા અન્ય કોઇ વ્યક્તિ, આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલ કોઇ નિયમ અથવા વિનિયમની કોઇ જોગવાઇ હેઠળ કાયદેસર રીતે કરેલ અથવા આપેલ કોઇ હુકમ, આદેશ અથવા માંગણીનું પાલન કરવામાં વાજબી કારણ સિવાય ચૂક કરે, ત્યારે તે, દોષિત ઠર્યેથી, ત્રણ મહિના સુધીની કેદ અથવા બે લાખ રૂપિયાથી વધુ નહિ તેટલા દંડ અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે અને ગુનો ચાલુ રહે તેવા કિસ્સામાં, જે મુદત દરમિયાન ગુનો ચાલુ રહે તે મુદતના પ્રથમ દિવસ પછી દરેક દિવસ માટે દસ હજાર રૂપિયા કરતા વધુ ન હોય તેટલા વધારાના દંડને પાત્ર થશે. તેથી, સદરહુ શિક્ષાની જોગવાઇ, સદરહુ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ કોઇ નિયમ અથવા વિનિયમ હેઠળ કાયદેસર રીતે કરેલ આદેશો, હુકમો અથવા માંગણીઓનું યોગ્ય પાલન સુનિશ્ચિત કરે છે.

તેમ છતાં, તે સરકારની વિચારણા હેઠળ હતું કે વિદ્યુત ઉદ્યોગમાં ધંધાકીય સરળતાની (Ease of doing Business) પહેલના માધ્યમ તરીકે, સદરહુ આદેશો, હુકમો અથવા માંગણી વગેરેનું પાલન ન કરવાના અમુક કૃત્યોને ગુના તરીકે ન ગણવા અને પાલન ન કરવાના માત્ર ગંભીર અથવા સંગીન એવા કિસ્સાઓને, કેદની શિક્ષાને અધીન ગણવા જેથી કરીને આવું પાલન સુનિશ્ચિત કરી શકાય.

તેથી, પંચને, પાલન ન કરવાના કૃત્યોનું નિમ્ન, મધ્યમ અથવા ઉચ્ચ કક્ષામાં વર્ગીકરણ કરવાની સત્તા આપવા માટે કલમ ૧૭-માં ખંડ (નક) દાખલ કરવા ધાર્યું છે અને પંચની સદરહુ સત્તાને અમલમાં લાવવા માટે પરંતુક દાખલ કરીને, સદરહુ અધિનિયમની કલમ ૫૪ પણ સુધારવા ધાર્યું છે.

આ વિધેયકથી, ધંધાકીય સરળતા (Ease of doing Business) તરફ પ્રગતિશીલ પગલું લઇને, ઉદ્યોગ અને ગ્રાહકો પર પાલન કરવાની જવાબદારી ઘટાડવાના હેતુથી, ગુજરાત વિદ્યુત

ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩ સુધારવા ધાર્યું છે. અધિનિયમની કલમ ૬૫-માં પારિણામિક સુધારો પણ સૂચિત કર્યો છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

**કનુભાઇ દેસાઇ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

***કલમ ૧.-*** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

***કલમ ૨.-*** આ કલમથી કલમ ૧૭-માં દાખલ કરવા ધારેલ નવા ખંડ (નક)થી, ગુજરાત વિદ્યુત નિયમન પંચને, વિનિયમોથી, ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩ અથવા તે હેઠળ કરેલ કોઇ નિયમ અથવા વિનિયમની કોઇ જોગવાઇ હેઠળ કાયદેસર રીતે કરેલ અથવા આપેલ કોઇ હુકમ, આદેશ અથવા માંગણીનું પાલન ન કરવાના કૃત્યોને નિમ્ન, મધ્યમ અથવા ઉચ્ચ કક્ષામાં વર્ગીકરણ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ **કનુભાઇ દેસાઇ.**

# <u>પુરવણી</u>

## ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩
## (સન ૨૦૦૩ના ગુજરાતના ૨૪મા)માંથી ઉતારા.

---

૧૭. આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને પંચ નીચેના કાર્યો બજાવશેઃ- પંચના કાર્યો.

(ક) થી (ધ) XXX XXX XXX

(ન) લાઇસન્સદારો વચ્ચેની તકરારો અને મતભેદોનો ન્યાયનિર્યણ કરવા અને આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર જરૂરી જણાય તો તે બાબતોને લવાદી માટે લખી મોકલવા બાબત; અને

(પ) XXX XXX XXX

**૫૪.** લાઇસન્સદાર અથવા કોઇપણ બીજી વ્યક્તિ, આ અધિનિયમની કોઇપણ જોગવાઇ અથવા તે હેઠળ કરેલા કોઇપણ નિયમ અથવા વિનિયમ હેઠળ કાયદેસર રીતે કરેલા અથવા આપેલા કોઇપણ હુકમ, આદેશ અથવા માંગણીઓનું કોઇપણ વાજબી ખુલાસા સિવાય પાલન ન કરે તો તે, દોષિત ઠર્યે ત્રણ મહિના સુધીની કેદની અથવા રૂપિયા બે લાખથી વધુ ન હોય તેટલા દંડની અથવા તે બંને શિક્ષાને અને ગુનો ચાલુ રહે તે કિસ્સામાં, જે મુદત દરમિયાન ગુનો ચાલુ રહે તે મુદતના પ્રથમ દિવસ પછી, દરેક દિવસ માટે દસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા વધુ દંડને પાત્ર થશે. સામાન્ય શિક્ષા.

૬૫. (૧) XXX XXX XXX વિનિયમો કરવાની પંચની સત્તા.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઇની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા વિનિયમોથી નીચેની તમામ અથવા કોઇ બાબત માટે જોગવાઇ કરી શકાશેઃ-

(ક) થી (ગ) XXX XXX XXX

(ઘ) પંચ જેના સંબધમાં દીવાની કોર્ટની સત્તાઓ ધરાવશે તેવી અન્ય બાબતો;

(ચ) થી (ન) XXX XXX XXX

(૩) અને (૪) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૨.]

# ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી કનુભાઇ દેસાઇ,

ઊર્જા મંત્રીશ્રી.]

(સન ૨૦૨૨ના સપ્ટેમ્બર મહિનાની ૧૯મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા

# THE GUJARAT ELECTRICITY INDUSTRY (REORGANISATION AND REGULATION) (AMENDMENT) BILL, 2022.

## GUJARAT BILL NO. 12 OF 2022.

## *A BILL*

*further to amend the Gujarat Electricity Industry Reorganisation and Regulation) Act, 2003.*

It is hereby enacted in the Seventy-third Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

1. (1) This Act may be called the Gujarat Electricity Industry (Reorganisation and Regulation) (Amendment) Act, 2022.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

Amendment of section 17 of Guj. 24 of 2003.

2. In the Gujarat Electricity Industry (Reorganisation and Regulation) Act, 2003 (hereinafter referred to as "the principal Act"), in section 17, - Guj. 24 of 2003.

(i) in clause (q), the word "and" occurring at the end shall be deleted;

(ii) after clause (q), the following clause shall be inserted, namely:-

"(qa) to classify, by regulations, the acts of non-compliance with any order, direction or requisition lawfully made or given under any provision of this Act or rules or regulations made thereunder into low, moderate or high-categories; and".

Amendment of section 54 of Guj. 24 of 2003.

3. In the principal Act, to section 54, the following proviso shall be added, namely:-

"Provided that the imposition of imprisonment under this provision shall not apply to acts classified by the Commission into low or moderate category.".

Amendment of section 65 of Guj. 24 of 2003.

4. In the principal Act, in section 65, in sub-section (2), after clause (d), the following clause shall be inserted, namely:-

"(da) to classify the acts of non-compliance with any order, direction or requisition lawfully made or given under any provision of this Act or rules or regulations made thereunder into low, moderate or high-categories;".

## STATEMENT OF OBJECTS AND REASONS

Section 17 of the Gujarat Electricity Industry (Reorganisation and Regulation) Act, 2003 read with section 18, 32 and 42 of the said Act empowers the State Commission to discharge certain functions and have powers to determine tariff etc. of the electricity.

Section 54 of the said Act, on the other hand, provides that where a licensee or any other person fails without reasonable excuse, to comply with any order, direction or requisition lawfully made or given under any provision of this Act or any rule or regulation made thereunder, he shall on conviction be punishable with imprisonment which may extend to three months or with fine not exceeding two lakh rupees or with both and in the case of a continuing offence with an additional fine not exceeding ten thousand rupees for every day after the first, during which the offence continues. The said penalty provision therefore, ensures due compliance of the directions, orders or requisitions lawfully made under the said Act or any rule or regulation made thereunder.

It was however, under consideration of the Government that as a means of Ease of doing Business initiative in electricity industry, some of the acts of non-compliance of the said directions, orders or requisition etc. may be de-criminalised and only grave or serious cases of non-compliances may be made subject to punishment of imprisonment so as to achieve deterrence against non-compliances.

It is therefore, proposed to insert clause (qa) in section 17 for empowering the Commission, to classify the acts of non-compliances into low, moderate or high category as well as to amend section 54 of the said Act to include a proviso to give effect to the said empowerment of the Commission.

This Bill seeks to amend the Gujarat Electricity Industry (Reorganisation and Regulation) Act, 2003 with a view to reducing compliance burden to the industry and consumers with a progressive action towards Ease of doing Business. Consequential amendment has also been proposed in section 65 of the Act.

This Bill seeks to achieve the aforesaid objects.

**KANUBHAI DESAI,**

## MEMORENDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves the delegation of legislative powers in the following respects:-

*Clause 1.-* Sub-clause (2) of this clause empowers the State Government, by notification in the *Official Gazette,* to appoint the date on which the said Act shall come into force.

*Clause 2.-* New clause (qa) in section 17 proposed to be inserted by this clause empowers the Gujarat Electricity Regulatory Commission to classify, by regulations, the acts of non-compliance with any order, direction or requisition lawfully made or given under any provision of the Gujarat Electricity Industry (Reorganisation and Regulation) Act, 2003 or rules or regulations made thereunder into low, moderate or high categories.

The delegation of legislative powers, as aforesaid, is necessary and is in normal character.

Dated the 18th September, 2022 **KANUBHAI DESAI.**

*ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT ELECTRICITY INDUSTRY (REORGANIZATION AND REGULATION) ACT, 2003.

**(Guj. 24 of 2003)**

---

**17.** Subject to the provisions of this Act, the Commission shall perform the following functions, namely: - **Functions of Commission.**

(a) to (p) XXX XXX XXX

(q) to adjudicate upon the disputes and differences between the licensees and to refer matters for arbitration, if considered necessary in accordance with the provisions of this Act; and

(r) XXX XXX XXX

**54.** Where a licensee or any other person fails without reasonable excuse, to comply with any order, direction or requisition lawfully made or given under any provision of this Act or any rule or regulation made thereunder, he shall on conviction be punishable with imprisonment which may extend to three months or with fine not exceeding two lakh rupees or with both and in the case of a continuing offence with an additional fine not exceeding ten thousand rupees for every day after the first, during which the offence continues. **General penalty.**

**65.** (1) XXX XXX XXX **Power of Commission to make regulations.**

(2) In particular, and without prejudice to the generality of the foregoing provision such regulations may provide for all or any of the following matters, namely: -

(a) to (c) XXX XXX XXX

(d) any other matter in respect of which the Commission shall have the powers of a civil court;

(e) to (q) XXX XXX XXX

(3) and (4) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 12 OF 2022.**

***A BILL***

*further to amend the Gujarat Electricity Industry (Reorganisation and Regulation) Act, 2003.*

**[ SHRI KANUBHAI DESAI,**
**MINISTER FOR ENERGY]**

**(As published in the Gujarat Government Gazette of 19th September, 2022)**

**D.M.Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

------------

Government Central Press, Gandhinagar.